પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૮૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૦૪-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાજસ્થાનના ખેડૂતો ટ્રેક્ટર-ટ્રોલી તૈયાર રાખે આગામી દિવસોમાં આંદોલન થશે : રાકેશ ટિકૈતે

જયપુર,

દેશભરમાં ૩ કૃષિ કાયદા સામે લગભગ ૧ વર્ષ સુધી ખેડુત આંદોલન કરીને જાણીતા બનેલા રાકેશ ટિકૈતે હવે રાજસ્થાનના સવાઈ માધોપુરમાં એક કિસાન મહાપંચયાતને સંબોધન કરતા કહ્યુ કે દેશમાં વધુ એક આંદોલનની જરૂર છે. દરેક વ્યકિત આ માટે તૈયાર રહે. તમારા ટ્રેકટર- ટ્રોલીઓને તૈયાર રાખજો. આંદોલન કયારે થશે,કયાં થશે તેની માહિતી આગામી સમયમાં આપવામાં આવશે. કિસાન મહાપંચાયતને ખેડુત નેતા રાજારામ મીલ સહિત અનેક નેતાઓએ સંબોધન કર્યુ હતું. ભૂ પ્રેમી પરિવાર સંઘ દ્વારા દશેરા મેદાન ખાતે કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ખેડુત નેતા રાકેશ ટિકૈતે કહ્યુ કે રાજસ્થાનના પાંચના ડેમ સહિત રાજ્યના જે પણ મુદ્દા હશે તેને લઈને સરકાર સાથે વાત કરવામાં આવશે. સરકારો




તરફથી ખેડુતો વિરુદ્ધ જે કોઇ પણ નિર્ણય લેવાશે, તેના માટે આંદોલન કરવામાં આવશે. ખેડુત વિરોધી કામ કરનારી પછી કોઈની પણ સરકાર હોય આંદોલન કરતા અચકાશું નહી.

ખેડુત નેતા રાકેશ ટિકૈતે કહ્યુ કે ભારત સરકાર દેશના ખેડુતોને વર્ષમાં ૬ હજાર રૂપિયા આપે છે અને તેનો ૪ મહિના પ્રચાર કરે છે. ખેડુતોને ભિખારી બનાવીને રૂપિયા આપવામાં આવે છે. ટિકૈતે કહ્યું કે કેન્દ્ર સરકારના જે મુદ્દા છે, તેમાં એમએસપી સૌથી મોટો મુદ્દો છે. કેન્દ્ર સરકાર તરફથી બે નામ માંગવામાં આવી રહ્યા છે. પરંતુ સરકાર એ સ્પષ્ટ નથી કરતી કે કમિટીઓના અધિકાર શું હશે?, સમયગાળો કેટલો હશે?, તેમાં સભ્યો કેટલા હશે?, કયા કયા સંગઠનોના સભ્યો હશે?, તેના અધ્યક્ષ પદે કોણ રહેશે? કેન્દ્ર સરકાર તરફથી આનો જવાબ આપવામાં નથી આવતો. જયાં સુધી ભારત સરકાર આ વાતની ચોખવટ નહી કરે ત્યાં સુધી અમે નામ આપવાના નથી.

ટિકૈતે કહ્યું કે એમએસપી કાયદાને લઈને આખા દેશ સમક્ષ જઈશું. તેમણે કહ્યું કે અલગ અલગ રાજયોમાં ખેડુતોને આપવામાં આવતી વીજળીના દર અલગ અલગ છે. જયારે દેશ એક છે તો વીજળીના દર પણ એક જ હોવા જોઈએ. રાકેશ ટિકૈતે આરોપ લગાવતા કહ્યું હતું કે મધ્ય પ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસના ગઠબંધનની સરકાર ચાલે છે.

ખેડુત નેતા ટિકૈતે કહ્યું કે દેશ રાજકીય પાર્ટીઓથી નહી, ક્રાંતિથી બચશે. એટલે ફરી એકવાર આંદોલન અને ક્રાંતિ થશે ત્યારે દેશ બચાવી શકાશે. ટિકૈતે આગળ કહ્યુ કે રાજસ્થાનમાં પાણી એક મોટો મુદ્દો છે. અહીં જો ગેસ અને ઓઈલ દુરથી આવી શકતા હોય તો, પાણી પણ આવી જ શકે છે. દેશની નદીઓમાં પાણી છે જેને જોડવી જોઈએ. નદીઓ સાથે નદીઓને જોડવાની દિવગંત પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની યોજના હતી. એવું થવું જોઈએ, જેથી રાજસ્થાનને પાણી મળી શકે.

## દેશના ૧૦૦ સ્માર્ટ સિટીમાં સુરત પ્રથમ અને અમદાવાદ છઠ્ઠા ક્રમાંકે

નવીદિલ્હી,

ભારત સરકારે તમામ સ્માર્ટ સિટીમાં ડાયનેમીક રેક્િંગના આધારે સુરતને પહેલો ક્રમ આપ્યો છે. મિનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પસંદ થયેલા ૧૦૦ શહેરોએ પૂરા કરેલા પ્રોજકેટ, કાર્યરત પ્રોજેકટ, ગ્રાન્ટના વપરાશના ફાઈનાન્સિયલ સર્ટિફિકેટ, એડવાઈઝરી ફોરમ મિટિંગ જેવા માપદંડના આધારે ડાયનેમિક રેક્િંગ જાહેર કર્યુ છે.

ડાયનેમિક રેક્િંગમાં ૧૨૮.૮૦ સ્કોર સાથે સુરત ટોચના ક્રમે છે જ્યારે ૧૨૦.૩૯ સ્કોર સાથે આગ્રા બીજા ક્રમે, ૧૧૯.૧૮ સ્કોર સાથે વારાણસી ત્રીજા ક્રમે, ૧૧૭.૦૫ સ્કોર સાથે ભોપાલ ચોથા ક્રમે અને ૧૧૬.૬૭ સ્કોર સાથે ઈન્દોર પાંચમા ક્રમે છે.૧૦૫.૨૫ સ્કોર સાથે અમદાવાદ છઠ્ઠા ક્રમે છે. ડાયનેમિક રેક્િંગમાં ટોચના દસ શહેરોમાં સુરત અને અમદાવાદ સિવાય રાજ્યના એક પણ શહેરનો સમાવેશ થયો નથી.

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા ૫૦ ટકા, રાજ્ય સરકાર દ્વારા ૨૫ ટકા અને સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૫ ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે. સુરત સ્માર્ટ સિટીએ આ પૈકી ૭૫ ટકાથી વધુ ગ્રાન્ટનો ઉપયોગ કર્યો છે. ગ્રાન્ટના વપરાશ માટે ફાઈનાન્સિયલ સર્ટિફિકેટ રાજ્ય અને કેન્દ્ર સરકારમાં નિયત સમય મર્યાદામાં મોકલવા જરૂરી છે. આ ઉપરાંત સુરત સ્માર્ટ સિટીની એડવાઈઝરી ફોરમની સમયાંતરે મિટિંગ કરી સ્માર્ટ સિટી પ્રોજેકટની પ્રગતિ અંગે સભ્યોને માહિતી આપવામાં આવે છે. આ સાથે સ્માર્ટ સિટી મિશન દ્વારા લોન્ચ કરાતા વિવિધ કાર્યક્રમોમાં સુરત સ્માર્ટ સિટી દ્વારા સક્રિય રીતે ભાગ લેવામાં આવે છે એટલું જ નહી શહેરીજનોને આવા કાર્યક્રમોમાં જોડવામાં આવે છે. આ તમામ માપદંડોના આધારે સુરતને સૌથી વધારે સ્કોર મળતા ડાઈનેમિક રેક્િગમાં સુરત પહેલા ક્રમે આવ્યુ છે.

સુરત સ્માર્ટ સિટી અંતર્ગત રૂ.૧૭૯૧ કરોડના ૬૯ પ્રોજેકટ પૂરા થઈ ગયા છે. કિલ્લાના રિસ્ટોરેશનની પહેલા તબકકાની કામગીરી, એલઈડી સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ અને સ્માર્ટ મોનીટરિંગ સિસ્ટમ, સોલાર અને વિન્ડ પાવર પ્લાન્ટ, બાયોગેસ પ્લાન્ટ, સોલીડ વેસ્ટ વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ, સુરત મની કાર્ડ, સુમન આઇ, ૩૯૫૮ આવાસો, ડીડોલી ખાતે સુએઝ ટીટમેન્ટ પ્લાન્ટ, ૨૪ કલાક પાણી માટે વોટર મીટર, રેઈન વોટર રીચાર્જ, વીઆઈપી મોડલ રોડ, કેનાલ કોરીડોર સહિતના પ્રોજેકટ સાકાર થઈ ચુકયા છે.

## યોગી કે નીતિશ કયું મોડલ બેસ્ટ, બિહારમાં ભાજપ અને જદયુ આમને સામને

પટણા,

ઉત્તરપ્રદેશમાં ભાજપની પ્રચંડ જીતના સૌથી વધુ રાજકીય અસર બિહારમાં થઈ છે.અવારનવાર બિહારની રાજનીતિમાં રાજનીતિક ખેંચતાણ લાગેલી રહે છે નવો મામલો યુપીના યોગીના બુલડોઝર મોડલને લઈને છે જેના પર જાહેરમાં બિહારના નાયબ મુખ્યમંત્રી તારકિશોર પ્રસાદે પોતાની વાત રાખી છપરા પહોંચેલા તારકિશોર પ્રસાદને જયારે પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીના નિવેદન પર યોગી મોડલની જરૂરતની બાબતે સવાલ કર્યો તો તેમણે કહ્યું કે બિહારમાં નીતીશ સરકાર સારૂ કામ કરી રહી છે.શાસન પ્રશાસન અપરાધ રોકવામાં સક્ષમ છે જો કે તેમણે એ પણ કહ્યું કે બિહારમાં યોગી મોડલની જરૂરત છે. નાયબ મુખ્યમંત્રીના નિવેદનને સમર્થન આપતા ભાજપના પ્રવકતા રામ સાગર સિંહે તેનાથી એક પગલુ આગળ વધી કહ્યું કે યુપીનું યોગી મોડલ એવું જ છે જે બિહારમાં ૨૦૦૫થી ૨૦૧૦ સુધી નીતીશ મોડલ હતું.

નાયબ મુખ્યમંત્રી અને ભાજપના પ્રવકતાના નિવેદન બાદ જદયુ પણ યોગી અને નીતીશ મોડલમાંથી કયું સારૂ છે તેની ચર્ચામાં કુદી પડી જદયુના મહામંત્રી કે સી ત્યાગીએ કહ્યું કે બિહાર મોડલ છેલ્લા ૧૬ વર્ષોમાં સફળ મોડલ છે નીતીશ સરકારે સ્પેશલ કોર્ટ બનાવી સેંકડો અપરાધીઓને સજા અપાવી યુપીમાં જે યોગી સરકારે જાહેરાત કરી છે હાલ તેને લાગુ કરે.

જયારે બિહાર વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે નીતીશ મોડલને વધુ સારૂ બતાવ્યું તેજસ્વીએ કહ્યું કે યુપીનું યોગી મોડલ શું છે આ કેવું મોડલ છે એ સમજથી પર છે ભાજપને અત્યાર સુધી શું બિહારમાં સર્કલ મોડલ લાગી રહ્યું હતું જો બુલડોઝર ચલાવવું જ યોગી મોડલ છે તો પછી યોગીને બેરોજગારી અને ક્રાઈમ પર બુલડોઝર ચલાવવું જોઈતુ હતું કોરોનામાં યુપીમાં જેટલા જીવ ગયા અને વ્યવસ્થા ખતમ થઈ રહી હતી તે પણ જોવું જોઈતું હતું.

દરમિયાન કોંગ્રેસના નવનિયુકત અને યુવા પ્રવકતા અસિતનાથ તિવારી પણ મેદાનમાં કુદી પડયા તેમણે યોગી મોડલ પર નિશાન સાધતા કહ્યું કે બિહારમાં ક્રાઈમને ખતમ કરવા માટે બીજા ક્રાઈમ મોડલની માંગ થઈ રહી છે હવે તે નીતીશકુમારને સમજી લેવું જોઈએ.


## રાજસ્થાનમાં પારો ૪૩ને પાર, ગુજરાતમાં હીટવેવ, આગ્રામાં ગરમીએ તોડ્યો રેકૉર્ડ

અમદાવાદ,

રાજ્યમાં આગ ઝરતી ગરમી પડી રહી છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ સુધી હજુ હીટવેવની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૪ એપ્રિલના રોજ ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં અલગ-અલગ વિસ્તારોમાં હીટવેવની સંભાવના છે. સાબરકાંઠા, મહેસાણા અને પાટણમાં સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓ સોમનાથ, પોરબંદર, સુરેન્દ્રનગર અને કચ્છમાં પણ હીટવેવની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ૫ એપ્રિલના રોજ જ્યારે બીજા દિવસે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેલાણા અને પાટણ, સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં ગીર સોમનાથ, પોરબંદર, સુરેન્દ્રનગર અને કચ્છમાં હીટવેવની અસર જોવા મળશે. હવામાન વિભાગની આગાહી મુજબ ૬ એપ્રિલના રોજ બનાસકાંઠા અને કચ્છમાં હીટવેવની સંભાવના છે.

ગુજરાતમાં અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો હતો. જેમાં અમદાવાદમાં ૪૨ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી, અમરેલીમાં મહત્તમ ૪ ડિગ્રી,



રાજકોટમાં ૪૧ ડિગ્રી, જૂનાગઢમાં ૪૧ ડિગ્રી, ઈડરમાં ૪૧ ડિગ્રી, વડોદરામાં ૪૧ ડિગ્રી અને ડીસામાં મહત્તમ ૪૧ ડિગ્રી અને કચ્છમાં મહત્તમ ૪૧ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યુ છે. જ્યારે બાકીના શહેરોમાં પણ ગરમીનો પારો વધી રહ્યો છે. જેના લીધે લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે.

આ ઉપરાંત આગામી ત્રણ દિવસ હવામાન વિભાગ દ્વારા હીટવેવની આગાહી કરવામાં આવી છે. કચ્છ, બનાસકાંઠા અને પાલનપુરમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં હજુ પણ ગરમીનો પારો ઉપર જશે. જેને લઈને અમદાવાદમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. હવામાન વિભાગ કામ વિના ઘરની બહાર ન નીકળવા માટે લોકોને અપીલ કરી છે.

## ગુજરાતના ૧૦ હજારથી વધુ ડોક્ટરો હડતાલ પર, ઓપીડી અને ઈમરજન્સી સેવાઓ પર અસર

અમદાવાદ,

ગુજરાતના સરકારી હોસ્પિટલના તબીબો આવતીકાલથી હડતાળ પર ઉતર્યા છે. પડતર માગણીઓ સાથે સતત ત્રીજી વાર સરકારી હોસ્પિટલના તબીબો હડતાળ પર ઉતર્યા છે. આજે રાજ્યના ૧૦ હજાર કરતાં વધુ તબીબો હડતાળ પર હોવાને કારણે ઓપીડી અને ઈમરજન્સી સેવાઓ પર અસર જોવા મળી હતી અગાઉ પાડેલી હડતાળ બાદ ખાતરી અને આશ્વાસન આપવા છતાં માગ નહીં સંતોષતા ડૉકટર્સે ફરી હડતાળનું હથિયાર ઉગામ્યુ છે.

હડતાળ મુદ્દે જીએમટીએના પ્રમુખ રજનીશ પટેલ તથા જીએમટીએના સેક્રેટરી જે.સી.મકવાણાએ જણાવ્યુ હતુ કે, પડતર માંગણીઓ મુદ્દે અમારી લડત ૨૦૧૨થી ચાલુ છે. ૧૬ મે ૨૦૨૧ના રોજ એનપીએ માટે ઠરાવ થયો હતો. જોકે સરકાર બદલાતાં અમારો મુદ્દો ભુલાયો છે. તેમણે જણાવ્યુ કે ત્રણ વાર હડતાળ મોકુફ રાખી અને એક વાર કેન્સલ કરી પણ હજુ કોઈ નિવારણ આવ્યુ નથી. ૩૧ માર્ચ વિતી હોવા છતાં અમારી માગણીના ઠરાવ ન થતા હડતાળનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યુ, અમારી માગણીઓ વ્યાજબી હોવા



છતાં તેનો ઉકેલ નથી લાવવામાં આવ્યો. અગાઉ પાડેલી હડતાળ બાદ ખાતરી અને આશ્વાસન આપવા છતાં માગ નહીં સંતોષતા ડૉકટર્સે ફરી હડતાળનું હથિયાર પસંદ કર્યુ છે.

જીએમટીએ દ્વારા એવુ પણ જણાવવામાં આવ્યુ કે પાંચ કેડર પાંચ એસોસિએશન હડતાળ પર ઉતર્યા છે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશન , જીએમઈઆરએસ ફેકલ્ટી એસોસિએશન, ગુજરાત ઈનસર્વિસ ડૉકટર્સ એસોસિએશન, જીએમએસ કલાસ ૨ મેડિકલ ઓફિસર્સ એસોસિએશન, ઈએસઆઈએસ ડૉકટર્સ એસોસિએશનના ડૉકટર અચોકકસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. તેમણે જણાવ્યુ કે ૧૦ હજાર ડૉકટર, ૬ સરકારી મેડિકલ કોલેજના ડૉકટર્સથી લઈ પીએચસીના ડૉકટર્સ હડતાળમાં જોડાયા છે.

## વડા પ્રધાન, રાષ્ટ્રપતિના તમામ આદેશો અને કાર્યો કોર્ટના આદેશોને આધીન રહેશે : સુપ્રીમ કોર્ટ



ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના ચીફ જસ્ટિસ ઓમર અતા બંદિયાલે રવિવારે કહ્યું કે નેશનલ એસેમ્બલીના વિસર્જન અંગે વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ દ્વારા શરૂ કરાયેલા તમામ આદેશો અને પગલાં કોર્ટના આદેશોને આધીન રહેશે. ન્યાયાધીશ બંદિયાલે હાઈ-પ્રોફાઈલ કેસની સુનાવણી પણ એક દિવસ માટે મુલતવી રાખી હતી. આ પહેલા પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ વડાપ્રધાન ઈમરાન ખાનની ભલામણ પર નેશનલ એસેમ્બલી ભંગ કરી દીધી હતી. તેના થોડા સમય પહેલા જ નેશનલ એસેમ્બલીના ડેપ્યુટી સ્પીકર કાસિમ સૂરીએ વડાપ્રધાન વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો હતો.

ચીફ જસ્ટિસ બંદિયાલે સમગ્ર પરિસ્થિતિની નોંધ લીધી અને ત્રણ જજોની બેન્ચે રવિવાર હોવા છતાં પ્રાથમિક સુનાવણી કરી અને રાષ્ટ્રપતિ અલ્વી અને નેશનલ એસેમ્બલીના ડેપ્યુટી સ્પીકર સહિત તમામ પ્રતિવાદીઓને નોટિસ જારી કરી. કોર્ટે તમામ પક્ષકારોને કોઈપણ ગેરબંધારણીય પગલું ભરવાથી દૂર રહેવાનો આદેશ આપ્યો અને મામલાની સુનાવણી સોમવાર સુધી મુલતવી રાખી. ચીફ જસ્ટિસ બંદિયાલે કહ્યું કે રાષ્ટ્રીય સભાના વિસર્જનના સંબંધમાં વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ દ્વારા શરૂ કરાયેલા તમામ આદેશો અને પગલાં કોર્ટના આદેશોને આધીન રહેશે.

વિપક્ષે સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી હતી અને ગૃહમાં વિરોધ પક્ષના નેતા શાહબાઝ શરીફે નેશનલ એસેમ્બલીના વિસર્જનને પડકારવાના તેમના પક્ષના નિર્ણયની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે અમે ઉપરાષ્ટ્રપતિના નિર્ણય અને વડાપ્રધાનની સલાહને સુપ્રીમ કોર્ટમાં પડકારવા જઈ રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટ બારના પ્રમુખ અહેસાન ભુને કહ્યું કે વડા પ્રધાન અને ડેપ્યુટી સ્પીકરના પગલાં બંધારણની વિરુદ્ધ છે અને "તેઓ પર બંધારણની કલમ ૬ હેઠળ દેશદ્રોહનો કેસ ચલાવવો જોઈએ."

## એર અને આર્મીના ટોચના અધિકારીઓ ચીન સાથેની સરહદ પર સ્થિતિની સમીક્ષા કરશે

નવીદિલ્હી,

ભારતીય સેના અને વાયુસેનાના ટોચના અધિકારીઓ ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા પર તેમની તૈયારીઓ અને માળખાગત જરૂરિયાતોની સમીક્ષા કરશે. ભારત અને ચીનની સેનાઓ વચ્ચે પૂર્વી લદ્દાખમાં ઘણા સ્થળોએ અથડામણ ચાલી રહી છે. વાયુસેનાના ટોચના અધિકારીઓ ઉત્તરીય સરહદ પર હવાઈ કાર્યવાહી સહિત સુરક્ષાની સ્થિતિ પર ચર્ચા કરવા માટે ૬ એપ્રિલથી બેઠક શરૂ કરશે. તે જ સમયે, આર્મી ચીફ જનરલ એમએમ નરવણેના નેતૃત્વમાં આર્મી કમાન્ડર ૧૮ એપ્રિલથી દ્વિવાર્ષિક કમાન્ડર કોન્ફરન્સમાં પરિસ્થિતિ પર ચર્ચા કરશે. કોન્ફરન્સ દરમિયાન પૂર્વી લદ્દાખ અને ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રોમાં વર્તમાન જમાવટની સમીક્ષા કરવામાં આવશે. સૈન્યના ટોચના અધિકારીઓએ લખનૌમાં તાજેતરમાં યોજાયેલી કોન્ફરન્સ દરમિયાન લદ્દાખથી અરુણાચલ પ્રદેશ સુધીની માળખાગત જરૂરિયાતો અંગે સંયુક્ત રીતે ચર્ચા કરી હતી.વર્ષ ૨૦૨૦ માં, એપ્રિલ-મેમાં ચીની સૈનિકો દ્વારા આક્રમકતા દર્શાવ્યા પછી, ભારતે તેની તૈનાતીમાં ઘણા ફેરફારો કર્યા છે. બંને દેશો સરહદ વિવાદના ઉકેલ માટે સૈન્ય અને રાજદ્વારી સ્તરની વાતચીત કરી રહ્યા છે. ઘણી જગ્યાએ વિવાદો પણ ઉકેલાયા છે.

ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદના ઉકેલ માટે ગયા મહિને ૧૫માં રાઉન્ડની વાતચીત થઈ હતી. ચીને વાતચીતને સકારાત્મક અને રચનાત્મક ગણાવી હતી. પાડોશી દેશે કહ્યું હતું કે તે પરસ્પર વાટાઘાટો દ્વારા વિવાદને ઉકેલવા માટે સંમત છે અને ત્રીજા પક્ષની દખલગીરીનો સખત વિરોધ કરે છે. જનરલ એમએમ નરવણેએ ૩૦ માર્ચે ચીન અને પાકિસ્તાન સાથેની સરહદ પર ભારતની સૈન્ય તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે રાષ્ટ્રીય સુરક્ષા પર અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિની સંભવિત અસરોની વ્યાપક સમીક્ષા પણ હાથ ધરી હતી. આ બેઠકમાં ત્રણેય સેનાઓના વરિષ્ઠ કમાન્ડરોએ હાજરી આપી હતી.

## મોદી સરકારમાં હવે દરરોજ સવાર માત્ર આનંદ જ નહીં, પણ મોંઘવારીનું દુઃખ લાવે છે : કોંગ્રેસ

નવીદિલ્હી,

દેશમાં મોંઘવારીનો ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો છે. છેલ્લા ૧૪ દિવસમાં આજે ૧૨મી વખત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. સાથે જ સીએનજી પણ ૨.૫ રૂપિયા મોંઘો થયો છે. આ વધતી મોંઘવારી સામે કોંગ્રેસનો હોબાળો પણ ચાલુ છે. કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ સોમવારે એક ટ્વિટ કરીને ભાજપ સરકાર પર ટોણો માર્યો છે. તેમણે કહ્યું છે કે ભાજપને મત આપો એટલે 'મોંઘવારી સામે જનાદેશહ્ર.

સુરજેવાલાએ ટ્વિટર પર લખ્યું, "મોદી સરકારમાં હવે દરરોજ સવાર માત્ર આનંદ જ નહીં, પણ મોંઘવારીનું દુઃખ લાવે છે! ઈંધણની લૂંટનો નવો હપ્તો. આજે સવારે પણ પેટ્રોલ અને ડીઝલ ૪૦ પૈસા પ્રતિ લિટર. સીએનજી પણ ૨.૫૦ રૂપિયા પ્રતિ કિલો મોંઘું થયું. પેટ્રોલ ડીઝલના ભાવમાં ૧૪ દિવસમાં ૮.૪૦ રૂપિયાનો વધારો.સીએનજીના ભાવમાં ૨૫ દિવસમાં ૧૧.૦૭ રૂપિયાનો વધારો. ભાજપને મત આપો એટલે 'મોંઘવારી સામે આદેશ?

૧૪ દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૧૨ વખત વધારો થયો છે. એકંદરે, તે ૮.૪૦ રૂપિયા પ્રતિ લિટર મોંઘું થયું છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમત વધવા પાછળનું કારણ જણાવવામાં આવી રહ્યું છે. જો કે આજે ક્રૂડ ઓઈલ કંઈક અંશે સસ્તું થઈ ગયું છે, પરંતુ દેશમાં પેટ્રોલ અને ડીઝલના દરમાં થયેલા વધારા પાછળ ગત દિવસોમાં થયેલા ભારે વધારા પાછળનું કારણ માનવામાં આવી રહ્યું છે. રાજધાની દિલ્હીમાં આજે પેટ્રોલની કિંમત ૧૦૩.૮૧ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૯૫.૦૭ રૂપિયા પ્રતિ લીટર છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત સલમાનભાઈ મન્નાનભાઈ

મુ. વિસલંગા, તા.લીમખેડા, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત કેનાન ફકરૂદ્દીન

મુ. પરમારના ખાખરીયા, તા.લીમખેડા, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ખુજેમાભાઈ સુમનભાઈ

મુ. નીનામાના ખાખરીયા, તા.લીમખેડા, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કડાણા હાઈડ્રો પ્રોજેકટનું નવુ ટ્રાન્સફોર્મર બગડી જતા ૫૦ લાખનુ નુકસાન

દિવડાકોલોની,
કડાણા હાઈડ્રો પાવર પ્રોજેકટના તાબા હેઠળ આવેલ પાનમ પાવર પ્લાન્ટ ખાતે પાછલા એક મહિનાથી વીજ ઉત્પાદન ઠપ્પ થયુ છે. નવા ટ્રાન્સફોર્મરમાં ખામી સર્જાતા દિવસની રૂ.૨.૫૦ લાખની ખોટ સાથે એક માસમાં વીજ ઉત્પાદન બંધ રહેતા રૂ.૫૦ લાખનુ નુકસાન થયુ હોવાનુ જાણવા મળ્યુ છે.

મહિસાગર જિલ્લાના કડાણા હાઈડ્રો પાવર પ્રોજેકટ દ્વારા વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનુ વીજ ઉત્પાદન કરવામાં આવે છે પરંતુ તેની સામે અધિકારીઓની બેદરકારી અને લાપરવાહીને કારણે પ્લાન્ટમાં થઈ રહેલ નુકસાન તથા નવા સાધનોની ખરીદી અને મરામત પાછળ લાખો રૂપિયાનુ નુકસાન થતુ હોય છે. જેમાં ગત માર્ચ મહિનામાં કડાણા હાઈડ્રો પ્રોજેકટ તાબા હેઠળ પાનમ પાવર હાઉસમાં જુના ટ્રાન્સફોર્મર દ્વારા વીજ ઉત્પાદન ચાલુ હતુ ત્યારે તા.૭માર્ચના રોજ જુના ટ્રાન્સફોર્મરને હટાવી નવા ટ્રાન્સફોર્મરનુ જોડાણ કરવામાં આવ્યુ હતુ. આ નવુ ટ્રાન્સફોર્મર ખામીયુકત થઈ ગયુ હતુ જેના કારણે હાઈડ્રો પ્રોજેકટને દિવસ દરમિયાન વીજ ઉત્પાદનથી થતો રૂ.૨.૫૦ લાખનો ફાયદો ૫૦ લાખના નુકસાનમાં ફેરવાઈ ગયો હતો. જુનુ ટ્રાન્સફોર્મર ચાલુ હાલતમાં હોવા છતાં અધિકારીઓ દ્વારા જોડાણ કરવામાં ન આવતા પાછલા એક માસથી પાનમ પાવર પ્લાન્ટમાં થતુ વીજ ઉત્પાદન સદંતર બંધ કરવામાં આવ્યુ હતુ. આગામી દિવસોમાં વીજ ઉત્પાદન બંધ રહેશે તો કડાણા પાવર પ્રોજેકટને કરોડો રૂપિયાની નુકસાની સહન કરવાનો વાહો આવે તેમાં બેમત નથી.

## સંતરામપુર નગરમાં રખડતા પશુઓનો આતંક : ચાર વ્યકિતઓને ઈજાઓ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં રખડતાં પશુઓનો રખડતા આંતક કલાકો સુધી એક જગ્યાએ લડતા રહ્યા ચાર વ્યક્તિઓને નુકશાન પહોંચાડ્યું નાની મોટી ઈજા થઈ. સંતરામપુરના ઘણા સમયથી રખડતા પશુઓનું આંતક મચાવી રહ્યો છે. અલગ અલગ વિસ્તારોમા રસ્તા ઉપર જ અડીખમ ઊભા થઈને લોકો સુધી હટવાનું નામ નથી લેતા સ્થાનિક નાગરિકોને અને રોડ ઉપર પાર્ક કરેલા વાહનોની મોટા પાયે નુકસાન કરતા હોય છે. અનેકવાર નગરપાલિકામાં આ બાબત રજૂઆત કરવા છતાં રખડતાં પશુઓના માલિકો ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આના કારણે રાહદારીઓને નુકશાન પહોંચાડતા હોય છે. નગરપાલિકા દ્વારા રખડતાં પશુઓને ડબ્બામાં પુરવામાં આવે અને સ્થાનિક લોકોને વાહનો અન રાહદારીઓને નુકશાન થતું અટકે આવા ભયંકર રખડતા ઢોરો થી જોખમકારક વધી ગયું છે. મહિનામાં ઘણા લોકો આના ભોગ બન્યા છે. નગરપાલિકા દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરે તે જરૂરી.

# દાહોદમાં આજે ૫ કલાકે પ્રસંગ-૨માં ભાજપાના સક્રિય કાર્યકર્તાઓનું મહાસંમેલન યોજાશે

દાહોદ,
દાહોદ જિલ્લામાં ભાજપા ચુંટણીલક્ષી તૈયારીઓમાં જોતરાઇ ગયુ છે. ત્યારે ૫ એપ્રિલે દાહોદમાં જિલ્લાના સક્રિય કાર્યકરોનું મહાસંમેલન યોજાનાર છે. જેને પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રી સંબોધન કરશે. આ પ્રસંગે રાજયના કેબીનેટ મંત્રી ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

દાહોદ જિલ્લા ભારતીય જનતા પક્ષમાં હાલ નવું જોમ વર્તાઈ રહ્યું છે. કારણ કે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં મળેલી જવલંત જીત અને સંગઠનની સંરચના બાદ કાર્યકર્તાઓ અતિ ઉત્સાહિત જણાઈ રહ્યા છે. તેવા સમયે ચાર રાજ્યોમાં ભવ્ય જીત બાદ વહેલી ચુંટણીની અટકળો વચ્ચે ભાજપા સંપૂર્ણ સજ્જ થઇ રહ્યો છે. ત્યારે વિવિધ કાર્યક્રમોની ભરમાર ચાલી રહી છે. જિલ્લામાં ઠેર ઠેર ટિફીન બેઠકોનો દૌર ચાલી રહ્યો છે. તેમજ ચુંટણી ચિન્હ કમળના મુદ્રણ સાથે તારીખ ૫ એપ્રિલના રોજ ૩૦૦૦ થી વધુ સક્રિય કાર્યકર્તાઓનું સંમેલન પ્રસંગ પાર્ટી પ્લોટ-૨ મુકામે યોજાનાર છે. ત્યારે જિલ્લા પ્રમુખ શંકરભાઈ આમલીયારના માર્ગદર્શનમાં કાર્યક્રમના ઈન્ચાર્જ મહામંત્રી નરેન્દ્ર સોની અને સહ ઈન્ચાર્જ ભરતસિંહ સોલંકીની નિગરાનીમાં આ કાર્યક્રમની તૈયારીઓ લગભગ પૂર્ણ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં તમામ સક્રિય કાર્યકર્તાઓને સક્રિય કાર્યકર્તાઓના ડિઝીટલ આઈડેન્ટી કાર્ડ અર્પણ કરવામાં આવશે. પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સક્રિય કાર્યક્તાઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ પણ કરશે. ત્યારે રાજ્યના કેબીનેટ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ, જિલ્લાના પ્રભારીઓ રાજેશ ભાઈ પાઠક, હંસાકુંવરબા તેમજ દંડક રમેશભાઈ કટારા, સાસંદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય બચુભાઈ ખાબડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. જિલ્લાના ઝોન મહામંત્રી કનૈયાલાલ કિશોરી, મહામંત્રી સ્નેહલભાઈ ધરીયા, શહેર પ્રમુખ પ્રશાંત દેસાઇ, મહામંત્રીઓ અર્પિલ શાહ સહિત સંપૂર્ણ શહેર સંગઠન અને મોરચાના કાર્યકર્તાઓ સક્રિય કાર્યકર્તા મહાસંમેલનને સફળ બનાવવા જોતરાઈ ગયા છે.

## દે.બારીયાના તોયણી ગામે છકડા ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક ચાલકનું મોત મહિલાને ઈજાઓ

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના તોયણી ગામે એક છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ એક એક મોટરસાઈકલને અડફેટમાં લેતાં મોટરસાઈકલ પર સવાર એક મહિલા સહિત બે જણાને અડફેટમાં લેતાં વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જયારે મહિલાને શરીરે ઈજાઓ પહોંચતાં સારવાર હેઠળ ખસેડાયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૨ એપ્રિલના રોજ દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે તળાવ ફળિયામાં રહેતાં નટવરભાઈ કાંતીભાઈ લુહાર તથા તેમની સાથે સમરતબેન એમ બંન્ને જણા તોયણી ગામેથી પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી નટવરભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં નટવરભાઈ અને સમરતબેન બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં. જેને પગલે નટરવભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલ સમરતબેનને શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચી હતી.

આ સંબંધે સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે તળાવ ફળિયામાં રહેતાં અભેસીંગભાઈ કાન્તીભાઈ લુહાર દ્વારા પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આકાશમાં દેખાયેલાં અગનગોળાનું રહસ્ય ખુલી ગયું !

# આ ચીનનું એક રોકેટ હતું. જેનું નામ ચેન્ગ ઝેંગ ૩ બી હતું : વૈજ્ઞાનિકોના દાવો

અમદાવાદ,
સમગ્ર ગુજરાતમાં એક ચમકદાર અગન ગોળા જેવું વસ્તુ ધરતી પર આવી રહ્યું હોય તેવું જણાતા ખળભળાટ મચ્યો હતો. અટકળો પ્રમાણે તેજસ્વી અગનગોળો આકાશમાંથી પૃથ્વી તરફ ઝડપથી આવી રહ્યો હતો. આ દ્રશ્ય જોઈને ગ્રામ્ય વિસ્તારનાં લોકોમાં ડર, શ્રદ્ધા અને કુતુહલ મિશ્રિત લાગણીઓ જોવા મળી હતી. જો કે આખરે આ વસ્તું શું હતું તે સ્પષ્ટ થઈ ચુક્યું નથી.

વૈજ્ઞાનિકોના દાવો અનુસાર આ ચીનનું એક રોકેટ હતું. જેનું નામ ચેન્ગ ઝેંગ ૩ બી હતું. જેનો સીરિયલ નંબર વાય ૭૭ હતો. અને તે ફેબ્રુઆરી ૨૦૨૧ માં લોન્ચ કરવામાં આવ્યું હતું. જે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશી ગયું હોય તેવી શક્યતા છે. અમેરિકન વૈજ્ઞાનિક જોનાથન મેક ડોવેલ દ્વારા આ દાવો કરવામાં આવ્યો હતો. જો કે હજી સુધી આ અંગે ચીન દ્વારા કોઈ અધિકારીક ટ્વીટ કરવામાં આવ્યું નથી. આ ઉપરાંત અન્ય કોઈ અધિકારીક સંસ્થા દ્વારા પણ આ અંગે કોઈ સ્વિકાર કરવામાં આવ્યો નથી.

આ દરમિયાન જમીન પર પડેલી વસ્તુ રિંગ જેવી લાગે છે. એક માહિતી અનુસાર, આ કોઈ ઉલ્કા નથી પરંતુ એક સેટેલાઈટનો ટુકડો છે, જે ક્રેશ થઈને જમીન પર પડ્યો હતો. જોકે આ વાતની પુષ્ટિ થઈ શકી નથી. પરંતુ આ મામલે તપાસ ચાલી રહી છે. લાડબોરી ગામમાંથી બહાર આવેલી તસવીરોમાં લોખંડની મોટી રિંગ નજરે પડે છે.

ગ્રામજનોનું કહેવું છે કે તેમને અચાનક એક ભયાનક અવાજ સંભળાયો અને જ્યારે તેઓ ડરના કારણે ઘરોમાંથી બહાર આવ્યા ત્યારે તેમણે આકાશમાં આગનો ગોળો જોયો. જ્યારે આગનો આ ગોળો જમીન પર પડ્યો ત્યારે તે ખૂબ જ ગરમ હતો. તમને જણાવી દઈએ કે જ્યારે આ રિંગ આકાશમાં દેખાઈ ત્યારે તે આગની જેમ ચમકી રહી હતી. એટલા માટે ઘણા લોકો તેને ઉલ્કા પિંડ સમજતા હતા.

આ અદ્ભુત નજારાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને લોકો રોમાંચિત થઈ ગયા. વીડિયો જોયા પછી ઘણા લોકોનો રસ વધી ગયો કે એવી કઈ વસ્તુ છે જે આકાશમાં આટલી અદભુત રીતે ચમકી રહી છે. આકાશમાં ચમકતી આ વસ્તુને જમીન પર પડતી રિંગ કહેવામાં આવી રહી છે.

એક ટ્વીટર યુઝર્સે ટ્વીટ પણ કર્યું છે કે, આ રોકેટનો વધેલો કાટમાળ ધરતી સુધી પહોંચ્યો અને મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પડ્યો હતો. તેમણે આ કાટમાળના ફોટો પણ શેર કર્યા હતા. આ ફોટોના જવાબમાં એક યુઝરે કાટમાળમાં રહેલી રીંગને ચાઈનીઝ રોકેટની સાઈઝ મુજબ હોવાનું જણાવ્યું હતું. આ રીંગનું માપ અંદાજે ૩ મીટર હોવાનું પણ જણાવાયું છે.

## કાલોલના બેઢીયા ગામે અજાણ્યા વાહનની ટકકરે બાઈક ચાલકનુ ઈજાઓ થતાં મોત

ગોધરા,
કાલોલ તાલુકાના બેઢીયા ગામે જૈન મંદિર પાસે અજાણ્યા વાહન ચાલક દ્વારા મોટરસાયકલ સવારને અડફેટે લેતા ટકકર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી અકસ્માત સર્જી નાસી જતા અજાણ્યા વાહન ચાલક સામે વેજલપુર પોલીસ મથકે ગુનો નોંધાવવા પામ્યો છે.

કાલોલ તાલુકાના બેઢીયા જૈન મંદિર પાસે વળાંકમાં અજાણ્યા વાહનચાલક દ્વારા પોતાનુ વાહન બેફિકરાઈ અને ગફલતરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થતા મોટરસાયકલ ચાલક મહેશભાઈ બાપુસિંહ બારીયાને અડફેટે લેતા મોટરસાયકલને ટકકર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી અકસ્માત સર્જયો હતો. જે અકસ્માતમાં ચાલક મહેશભાઈ બારીયાનુ કરૂણ મોત નીપજ્યું હતુ. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ઝાલોદ પાલિકા દ્વારા ૧૨ જર્જરિત મકાનોના માલિકને નોટિસ અપાઈ

ઝાલોદ,
ઝાલોદ નગરપાલિકા દ્વારા ચોમાસાના વરસાદ દરમિયાન સામાન્ય લોકોની જાનહાનિ તથા અન્ય નુકસાન ન થાય તે માટે શહેરના સાત વિસ્તારમાં જોખમી ૧૨ મકાનોના માલિકોને નોટિસો ફટકારવામાં આવી છે. ઝાલોદ નગરપાલિકા દ્વારા ચોમાસાના વરસાદ દરમિયાન સામાન્ય લોકોની જાનહાનિ તથા અન્ય નુકસાન ન થાય તે માટે શહેરના સાત વિસ્તારમાં જોખમી ૧૨ મકાનોના માલિકોને નોટિસ ફટકારવામાં આવી છે. ચોમાસાને હજી બે માસની વાર છે પાલિકા દ્વારા શહેરના જર્જરિત મકાનોનુ સર્વે હાથ ધરવામાં આવ્યુ હતુ. આ સર્વે દરમિયાન શહેરના ખાટવાળા, વ્હોરા બજાર, લખા લખાર વાડી, મીઠા ચોક, વડ બજાર, જૈન મંદિર ફળિયા, વાવડી ફળિયા સહિત સાત ફળિયામાં ૧૨ મકાનોના અમુક ભાગો ચોમાસાના વરસાદમાં પડી જાય તેવી સંભાવના છે. પાલિકા દ્વારા આ મકાનોના અમુક ભાગો ઉતારી દેવા માટે મકાન માલિકોને નોટિસ પાઠવવામાં આવી હતી. ચોમાસાના વરસાદ દરમિયાન રાહદારીઓને તથા સામાન્ય લોકોને નુકસાન ન થાય તે પહેલા મકાનોના અમુક ભાગો ઉતારી લેવા માટે જણાવેલ છે. પાલિકા દ્વારા જાહેર માર્ગ ઉપર આવેલા કેટલાક જર્જરિત મકાનોના સર્વે ચાલુ છે.

# રૂપાણી સરકારે આંકડા છુપાવ્યા, કોરોનામાં ફક્ત અમદાવાદમાં જ ૧૮,૩૮૭ લોકોનાં મોત થયા હતા

અમદાવાદ,
અમદાવાદમાં ૧૮,૩૮૭ અરજીઓ મંજૂર કરીને કોરોના મૃત્યુસહાય પેટે કુલ ૯૧.૯૩ કરોડની રકમ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા અત્યાર સુધીમાં ચૂકવવામાં આવી છે. આવેલી અરજીઓમાંથી અધુરા પુરાવા હોવાથી ૧,૨૭૯ અરજીઓ નામંજૂર કરી દેવાઈ છે. આ અરજીઓમાંથી જરૂરી પુરવા જોડીને ૧૩૫ લોકોએ ફરીથી અપીલ કરી હતી. જે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સમગ્ર રાજ્યમાં કોરોનાની સૌથી વધુ અસર અમદાવાદમાં જોવા મળી હતી. સૌથી વધુ સંક્રમણ અને મોત પણ અમદાવાદમાં નોંધાયા હતા. રાજ્ય સરકાર દ્વારા કોરોનામાં મૃત્યું પામ્યા હોય તેવા લોકોને ૫૦ હજારની રોકડ સહાય આપવાનું નક્કી કરાયું હતું.

જે અંતર્ગત અમદાવાદમાંથી અરજીઓ સ્વીકારવા માટે કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી તેમજ અન્ય સંસ્થાઓને પણ સાથે રાખીને કોરોના મૃત્યું સહાય ફોર્મ ભરવામાં આવ્યા હતા. કોરોનાની સહાય મેળવવા માટે હજારોની સંખ્યામાં અરજીઓ આવી હતી. સરકારી રેકર્ડમાં હોય તેવા અરજદારોની અરજી જેતે દિવસે સ્વીકારીને ૨૪ કલાકમાં જ કોરોના સહાયની રકમ પણ ચૂકવી દેવાઈ હોવાનો દાવો અધિકારીઓ કરી રહ્યા છે.

કેટલાક કિસ્સામાં કોરોનામાં મોત અંગેના પુરતા પુરાવાઓ ન હોવાથી અરજી નામંજૂર થઈ છે. જેતે હોસ્પિટલમાંથી ફોર્મ નંબર ૪ મેળવવામાં પણ અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. ફોર્મ નંબર ૪ ન હોવાથી અનેક અરજદારોની અરજીઓ નામંજૂર થતા તેઓ સહાય માટે ધક્કા ખાઈ રહ્યા છે. સુપ્રિમ કોર્ડની ગાઈડલાઈન મુજબ સહાય ચૂકવાઈ રહી છે.

અમદાવાદમાં કોરોનામાં મરણનો વાસ્તવિક આંક અને સહાય ચૂકવાઈ હોય તેના આંકડામાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. આ અંગે જિલ્લા કલેક્ટર કચેરીના અધિકારીના જણાવ્યા મુજબ અમદાવાદમાં કોરોનામાં કુલ કેટલા મોત થયા તેનો વાસ્તવિક આંકડો આરોગ્ય વિભાગ પાસે હોય અમારે તો સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ કોરોનામાં મરણ અંગેના પુરાવા રજૂ કરે અને તે મુજબની અરજી કરે તેને સહાય ચૂકવવાની હોય છે. સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ જ અરજીઓ સ્વીકારીને સહાય ચૂકવાઈ રહી છે.

## બદ્રીનાથ-કેદારનાથમાં માર્ચ મહિનામાં જ જામેલો બરફ હવે પિગળવા લાગ્યો

કેદારનાથ,
આ વર્ષે તો કેદારનાથ ધામમાં પણ પરિસરમાંથી બરફ હટાવવાની જરૂર પડી જ નથી.કારણકે અહીં જામેલો બરફ પિગળી ગયો છે. ગંગોત્રી અને યમુનોત્રીમાં પણ આ વર્ષે નામમાત્રનો બરફ રહી ગયો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોનુ માનવુ છે કે જો વરસાદ ના થયો અને આ રીતે ગરમી પડતી રહી તો ઉંચા પહાડો પણ બરફવિહીન થઈ જશે. ખરેખર, બદ્રીનાથ ધામમાં માર્ચ મહિનામાં અંદાજે ત્રણ થી ચાર કલાક સુધી બરફ જામ્યો હતો. જે હવે ઝડપથી પિગળવા લાગ્યો છે. અહીં તપ્તકુંડ, પરિક્રમા સ્થળ, પરિસર અને આસ્થાના માર્ગે બરફ સંપૂર્ણ રીતે પિગળી ગયો છે. અહીંથી ૩ કિમીના અંતરે સ્થિત દેશના અંતિમ ગામ માણામાં પણ બરફ ઝડપથી પિગળી રહ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં અહીં પાંચ થી છ ફૂટ સુધી બરફ જામી ગયો હતો.

બામણી ગામ જે બરફથી સંપૂર્ણ રીતે ઢંકાઈ ગયુ હતુ ત્યાં પણ બરફ ગાયબ થયો છે. ગંગોત્રી ધામમાં આજુબાજુ જામેલો બરફ ૨૦ માર્ચ સુધી પિગળી ગયો હતો. ગયા વર્ષે ધામમાં બરફ ૧૫ એપ્રિલ સુધી જામી ગયો હતો. યમુનોત્રી ધામની સ્થિતિ પણ કઈક આવી છે. અહીં પણ બરફ ઝડપથી પિગળી રહ્યો છે.

રાહતની વાત એ છે કે પ્રસિદ્ધ હેમકુંડ સાહિબ અત્યારે લગભગ ૧૦ ફૂટ બરફથી ઢંકાયેલો છે. હેમકુંડ સાહિબના આસ્થાના માર્ગે અને ગુરૂદ્વારા પરથી બરફ હટાવવા માટે સેનાના જવાન ૧૫ એપ્રિલ સુધી અહીં પહોંચી જશે. જો હવામાનમાં થતા ફેરફાર આ રીતે થતો રહ્યો તો મે મહિના સુધી હેમકુંડમાંથી બરફ પિગળી જશે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : માનસિક શાંતિનો અહેસાસ થશે, આજે ખર્ચનું પ્રમાણ અધિક જણાશે, નોકરીમાં પ્રગતિ જણાશે,માતાના આશીર્વાદથી ધનપ્રાપ્તિ થાય.

વૃષભ (બ.વ.ઉ.) : માનસિક પરેશાની જણાશે, કામમાં વધારે મહેનત કરવી પડશે, ધંધામાં સામાન્ય ફાયદો જણાશે, નાણાકિય તંગી અનુભવશો.

મિથુન (ક.છ.ઘ.) : કરેલો પુરુષાર્થ ફળદાયી બનશે, મોટા માણસોની ઓળખાણથી લાભ થાય, પરેશાનીઓમાંથી મુક્તિ મળે, ધંધામાં નવી આવક મળે.

કર્ક (ડ.હ.) : નવા કામકાજથી લાભ થાય, નજીકના સંબંધીથી સહયોગ મળશે, પ્રમોશન અથવા પગાર વધારાની તકો મળે, ધંધાકિય આવકમાં વધારો જણાશે.

સિંહ (મ.ટ.) : કામકાજમાં વ્યવહારું બનો, ધીરજથી કામની શરૂઆત કરવી, પરિવારમાં વૈચારિક મતભેદ રહેશે, માનસિક તનાવ જણાય.

કન્યા (પ.ઠ.ણ.) : કામની સફળતા માટે સંઘર્ષ કરવો પડે, સ્વજનોથી પરેશાની રહેવા સંભવ છે, સંતાનોથી સારો લાભ જણાશે, નાના-મોટા રોકાણ માટે સાચવવું.

તુલા (ર.ત.) : અગત્યના કામને પ્રાધાન્ય આપો, રોજગાર માટે નવી તકો વિચારો, બુદ્ધિશક્તિનો ઉપયોગ કરી શકો, મહેનત કરશો તો સારું ફળ મળશે.

વૃશ્ચિક (ન.ય.) : કરજમાંથી મુક્તિ અથવા રાહત મળે, શેરબજારમાં સારો લાભ થશે, વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે, યાત્રા-પ્રવાસના કામથી લાભ થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.) : સંતાન વિષયક તકલીફ જણાય, મહત્વના કામમાં વિલંબ સૂચવાય, સ્વાસ્થ્ય બાબતે સાચવવું, વ્યવસાયમાં નવી તકો મળશે.

મકર (ખ.જ.) : ધાર્મિક કામકાજમાં રુચિ વધે, માનસિક બેચેની રહ્યા કરે, નોકરીયાત વર્ગને ખર્ચમાં વધારો થશે, ઘરમાં સામાન્ય અશાંતિ જણાય.

કુંભ (ગ.શ.ષ.સ.) : આવડતના ઉપયોગથી લાભ થાય, આર્થિક બાબતોમાં નવી તકો મળે, ધારેલા કામકાજમાં સફળતા મળે, વડીલો સાથે વૈચારિક અસમાનતા રહે.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક અશાંતિ અનુભવશો, ધન સંબંધી ચિંતા અનુભવશો, ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવું, કામના પ્રમાણમાં ઓછું ફળ મળશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નજમુદ્દીન અબ્દેઅલી ગાંગરડીવાલા
મુ. પાટીયા, તા.ગરબાડા, જી. દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હેદરભાઈ હુસેનભાઈ કુતરવડલીવાલા
મુ. વજેલાવ, તા.ગરબાડા, જી. દાહોદ

## જાહેર નિવિદા-૧ સને ૨૦૨૨-૨૩
## માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજયનાં માન.રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ.લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ-૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દવારા નીચે દર્શાવ્યા મુજબના કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે તા.૧૬/૦૪/૨૦૨૨ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત (રૂા.લાખમાં ) |
|---|---|---|
| ૧ | આદર્શ નિવાસી હોસ્ટેલ એટ સંતરામપુર, તા.સંતરામપુર, જિ.મહીસાગર (ડોર-વિન્ડો રીપેરીંગ એન્ડ મીસ. વર્ક) | રૂા.૯.૯૮ |

ઉપરોકત કામ માટેનું ટેન્ડર વેબસાઈટ http://rnb.nprocure.com પરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ કામોની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે. કામની માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફકત વેબસાઈટ પર જોવા મળશે.

કાર્યપાલક ઈજનેર
મહીસાગર મા. અને મ. વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૪/૨૦૨૨

# દાહોદના કતવારા ગામે સ્ટેટ વિજીલન્સ ટીમે મકાનમાં રેઈડ કરી ૨.૭૬ લાખના દારૂ અને રોકડા રૂપીયા મળી ૩.૩૮ લાખના મુદ્દામાલ ઝડપ્યો



દાહોદ,

દાહોદ તાલુકાના કતવારા ગામેથી ગાંધીનગરની સ્ટેટ વિજિલન્સ ટીમને મળેલ બાતમીના આધારે એક મકાનમાં ઓચિંતી રેડ પાડતા પોલીસે વિદેશી દારૂનો કુલ રૂપિયા ૨,૭૬,૦૪૫ ના જથ્થા સાથે રોકડ રૂપિયા વિગેરે મળી કુલ રૂપિયા ૩,૩૮,૧૧૫ ના મુદ્દામાલ સાથે ૧૫ ઈસમોની અટક કરી હોવાનું તેમજ પાંચ આરોપીઓ ફરાર વોન્ટેડ હોવાનું જાણવા મળે છે.

ગત રોજ તારીખ ૨ એપ્રિલના રોજ ગાંધીનગર સ્ટેટ વિજિલન્સની ટીમને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકાના કતવારા ગામે નિનામા ફળિયામાં ઓચિંતી પ્રોહી રેડ પાડતા વિસ્તારમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યા હતા. પોલીસે એક રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૨૬૦૫ કિંમત રૂપિયા ૨,૭૬,૦૪૫, રોકડા ૩૫,૫૭૦ રૂપિયા મળી અને ૯ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૩,૩૮,૧૧૫ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી સ્થળ પરથી જોરસિંગભાઈ બારીયા, સંદીપભાઈ બારીયા, ગોરધનભાઈ મખોડીયા, ભારતીબેન મખોડીયા, કલ્પનાબેન, રાજુભાઈ અમલીયાર, મિથુનભાઈ અમલીયાર, તેરસીંગભાઈ હુંઢીયા, રમેશભાઈ ગુઢીયા, જવલાભાઈ ગહવાલ, મહેશભાઈ માવી, સમસુભાઈ મેરા, બડીયાભાઈ ભાભોર અને નબળા ભાઈ હઠીલાનાઓને પોલીસે ચારે તરફથી ઘેરી લઈ ઝડપી પાડયા હતા જ્યારે વોન્ટેડ આરોપીઓ તરીકે પ્રવીણભાઈ કસનાભાઈ મકોડીયા, અરવિંદભાઈ કસનાભાઈ મખોડીયા, રાહુલભાઈ અરવિંદભાઈ મખોડીયા, અમિતભાઈ અરવિંદભાઈ મખોડીયા અને નટુભાઈ મેડા વિરૂદ્ધ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના નવા ગામે બોલેરો ગાડી માંથી ૪.૬૮ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવાનગર ગામેથી પોલીસે એક બોલેરો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૪,૬૮,૭૨૦ના પ્રોહી જથ્થા સાથે બોલેરો ગાડી વિગેરે મળી કુલ રૂા. ૭,૬૯,૨૨૦ના જથ્થા સાથે બોલેરો ગાડીના ચાલકને ઝડપી પાડી અન્ય ૭ જેટલા ઈસમો વિરૂદ્ધ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા. ૦૩ એપ્રિલના રોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે નવાનગર ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક બોલેરો ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને બોલેરો ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ તેની તલાસી લેતાં તેમાંથી પોલીસે વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૪૪૬૪ કિંમત રૂા. ૪,૬૮,૭૨૦ તથા બોલેરો ગાડીની કિંમત તેમજ મોબાઈલ ફોન મળી પોલીસે કુલ રૂા. ૭,૬૯,૨૨૦ના મુદ્દામાલ સાથે બોલેરો ગાડીના ચાલક રતનસિંહ ગાજીસિંહ રાવત (રાજપુત) (રહે. છરછોડા, વેડ ફળિયુ, તા. ગરબાડા, જિ.દાહોદ) નાની અટકાયત કરી તેની સઘન પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો કેશનભાઈ ઉર્ફે કીશનભાઈ ભાભોર, જેસનભાઈ નગજીભાઈ ભાભોર (બંન્ને રહે. છરછોડા, વેડ ફળિયુ, તા.ગરબાડા, જિ.દાહોદ), દશરથભાઈ મનીયાભાઈ રાઠોડ (પટેલીયા) (રહે. કાકડબારી, સેજાવાડા), પ્રવિણભાઈ રમેશભાઈ વાખળા (રહે. માલપુર, સેજાવાડા), નીલેશભાઈ ઉર્ફે છોટુ રાયસીંગભાઈ રાઠોડ (રહે. સેજાવાડા, કાજુભાઈ સોનેસીંગ વસુનીયા (રહે. સામલાકુંડ, મોરી ફળિયા, તમામ તા. ભાભરા, જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ) અને સુરેશભાઈ ઉર્ફે બલીયો રતનસિંહ કોળી પટેલ (રહે. અસાયડી, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ) ની મદદથી આ વિદેશી દારૂની હેરાફેરી કરતો હોવાની કબુલાત કરતાં ધાનપુર પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂદ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા તાલુકાની સોલર વોટર કુલરના નામે ખર્ચેલા લાખો રૂપિયાનો વેડફાટ

ગરબાડા,

ગરબાડા તાલુકાની ૧૯ ગ્રામ પંચાયતોમાં ફેબ્રુઆરી ૨૦૨૦માં તંત્ર દ્વારા સોલર વોટર કુલરની સુવિધા પુરી પાડી હતી. જેથી ગ્રામ પંચાયત કચેરીએ આવતા લોકોને પીવાનુ શુદ્ધ અને ઠંડુ પાણી મળી રહે પરંતુ ગ્રામ પંચાયતમાં વોટર કુલર આપતા પહેલા જે તે ગ્રામ પંચાયતમાં પાણીની સુવિધા છે કે કેમ તે પણ તપાસવુ જરૂરી હતુ. પરંતુ તે બાબતની તપાસ કર્યા વિના જ વોટર કુલર ફાળવી દેવામાં આવ્યા હતા. જેથી અનેક વોટર કુલર બિનઉપયોગી પડી રહ્યા છે. કુલર અને તેના ફિટીંગ ચાર્જના નાણાં ચુકવાઈ ગયાના બે વર્ષ બાદ પણ ઘણી ખરી ગ્રામ પંચાયતમાં કુલર ફિટીંગ કરવામાં આવ્યા નથી જ્યારે ઘણીખરી ગ્રામ પંચાયતોએ પાણીની સુવિધાના અભાવે વોટર કુલર શાળાઓને આપી દીધા હોવાનુ જાણવા મળે છે. સોલર વોટર કુલર અને તેનુ ફિટીંગ કરવા માટે એજન્સીને આપવામાં આવ્યુ હતુ. આ વોટર કુલર બાબતે કોઈપણ તલાટી કશુ બોલવા રાજી નથી જેથી લાગી રહ્યુ છે કે, પ્રજાના માટે પ્રજાના થકી પાણીના વોટર કુલરના નામે જે લાખો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે તે પાણીમાં ગયા છે.

# મૃત્યુ સનાતન સત્ય



જીજ્ઞા કપુરીયા (નિયતી)

"જીવનનો એક રંગ એટલે મૃત્યુ"

જીવન એટલે "કુદરતે અર્પિત કરેલું સૌથી સુંદર નજરાણું અને રંગ એટલે એનો શણગાર." હવે આપણે આપણું જીવનરૂપી મુખડાને કઈ રીતે શણગારવું એ આપણાં જ હાથમાં છે.

આજે આપણે જીવનનો એક રંગ એટલે કે મૃત્યુ અથવા મુક્તિ વિષે વાત કરીશું.

કહેવાવાળાએ ખૂબ જ સરસ કહ્યું છે,

"મૃત્યુને મેં ક્યારેય જોયું નથી પણ સાચે જ ખૂબ જ ખૂબસુરત હશે, કારણ જે એને મળે છે તે જીવવાનું છોડી દે છે."

મૃત્યુ એક પરમ સત્ય છે અને સનાતન સત્ય પણ છે. મૃત્યુ એટલે જીવનનો અંત નહીં પણ નવા શરીરને ધારણ કરવાનો સમય. માન્યું કે મૃત્યુ એક ડરામણો અહેસાસ છે અને એનો અહેસાસ જ માનવીને અડધો મારી નાખે છે પણ, હું તો કહીશ કે મૃત્યુથી ડરવાને બદલે સત્કર્મ અને સંતજનોનાં સત્સંગથી જ મૃત્યુનો ભય અવશ્ય દૂર થશે. જેમ મૃત્યુ એક સત્ય છે એમ આત્મા પણ અમર છે. એનો અંત જ નથી. મૃત્યુથી માનવ ગભરાય છે કારણ એને એનું જ્ઞાન નથી. માની લો કે મૃત્યુ એક સાપ છે અને તમને ખબર નથી કે એ ઝેરી છે કે બિનઝેરી પણ તમારા મનમાં એનો ડર અવશ્ય હશે કે એ સાપ ઝેરી હશે તો મને ડંખી લેશે પણ જો તમને ખબરહોય કે એ સાપ ઝેરી નથી તો તમારા મનનો ભય આપોઆપ દૂર થઈ જશે. બરાબર એજ રીતે જો તમે મૃત્યુને સમજી લેશો તો કોઈજાતનો ભય રહેશે જ નહીં. મૃત્યુ એટલે પામર શરીરનો અંત પણ આત્માનો નહીં.

જેમ આપણે રોજ નવા વસ્ત્ર ધારણ કરીએ છીએ એવી રીતે જ આપણો આત્મા નવા ખોરડારૂપી વસ્ત્ર ધારણ કરે એનું નામ જ મૃત્યુ.

ગીતામાં પણ લખ્યુ છે,

"મનુષ્ય જે ભાવમાં પોતાના અંત સમયે રહે છે એ જ ભાવમાં મનુષ્યને બીજી યોની પ્રાપ્ત થાય છે"

મૃત્યુ એટલે "બિંદુથી સિંધુ બનવું." ફરી ફરી માનાં ઉદરમાં રહીને જન્મ લઈને કર્મને આધીન થઈને જીવનલીલા સમાપ્ત કરવી આ એક જીવનચક્ર છે જે અવિરત ચાલ્યા જ કરે છે, એની ડોર પરમ પરમશકિતનાં હાથમાં છે. અહીં મને રાજેશ ખન્નાનો ડાયલોગ યાદ આવે છે, "હમ સબ રંગમંચકી કઠપુતલિયાઁ હૈ પતા નહીં કબ મોત આ જાયે ઔર ડોર ખીંચ જાયે."

ખરખર, જીવન એક રંગમંચ છે અને આપણે બધાં કલાકાર જેનાં ભાગે જે અભિનય આવ્યો એ ભજવીને એક દિવસ બધું છોડીને જતાં રહીશું તેમ છતાંય મનુષ્ય અભિમાનરૂપી ગુમાન કરતો જ રહે છે!

ચડસાચડસી અને મિથ્યાભિમાનમાં મનુષ્ય પોતાનું અહિત જ કરે છે અને કર્મ બાંધે છે અને કરેલાં કર્મ તો ભોગવવા જ પડે છે કદાચિત એટલે જ મૃત્યુનો ડર મનુષ્યને કોરી ખાય છે.

મારા મતે તો મૃત્યુ પણ માણવા જેવું હશે કારણે આપણે કોઈ પણ પ્રકારનાં નવાં વસ્ત્ર ધારણ કરીએ તો કેટલાં ખુશખુશાલ થઈ જઈએ છીએ નવાં વસ્ત્ર પણ કોઈ શુભ પ્રસંગમાં જ ધારણ કરીએ છીએ તો પછી જ્યારે આપણાં આત્મા નવું શરીર ધારણ કરતો હોય ત્યારે જૂનાં જર્જરીત ક્ષીણ શરીરનો મોહ શું કરવો ? એટલે જ એનો ડર રાખવાને બદલે સારા દિવસ માટે પ્રભુનો આભાર માનવો જોઈએ.

અહીં મને ઓશોની એક વાત યાદ આવે છે,

"સૌ કોઈ મનુષ્ય ભયભીત છે કારણ મનુષ્યએ નથી જાણતો કે જીવન શું છે ? એનો મૃત્યુ સૌથી મોટો શત્રુ છે એ મનુષ્ય ક્યારેય મૃત્યુ વિશે વાત કરવા માગતો જ નથી પણ જીવનનાં રહસ્ય સમજનાર વ્યકિતને મૃત્યુનો ડર લાગતો જ નથી અને એ મૃત્યુનું અભિવાદન કરે છે."

જીવન છે તો મૃત્યુ અવશ્ય થશે જ. આજે નહીંતો કાલે તમારે દરવાજે આવીને ઊભું રહેશે અને આંગણે આવેલ આગંતુકનું આપણે સ્વાગત કરવું જ પડશે.

મૃત્યુ એ જીવનનું સૌથી મોટું રહસ્ય છે જેને જાણવાની ચેષ્ટા કોઈ કરતું જ નથી અને કરશે પણ નહીં કારણ મૃત્યુનું રહસ્ય ખોલવું એ અસંભવ છે. માટે મિત્રો, મૃત્યુથી ડરવાને બદલે એને હથેળીમાં રાખીને જિંદાદિલીથી જીવન વ્યતીત કરો તો મર્યા પછી પણ અમર થઈ જશો એનું ઉદાહરણ એટલે આપણી સરહદ પરના માતૃભૂમિની રક્ષા કરતાં વીર જવાનો કે જેમને મૃત્યુનો ડર સતાવતો જ નથી અને માતૃભૂમિ રક્ષા કાજે પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દે છે. ખરેખર, આવા વીરપુત્રોને આ નિયતીનાં સતસત વંદન.

# દાહોદના ધામરડા ગામે ખેતર માંથી ટામેટા તોડવાના મામલે ધીંગાણું મચાવ્યું

દાહોદ,

દાહોદ તાલુકાના ધામરડા ગામે ખેતરમાંથી ટામેટા તોડવા બાબતે થયેલ ઝઘડા તકરારમાં મહિલા સહિત ૧૧ ઈસમોના ટોળાએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી તેમજ કીકીયારાઓ કરી એક વ્યક્તિના ઘરે આવી મહિલા સહિત ચાર વ્યક્તિઓને લોખંડની પાઈપ વડે, લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મકાઈના પુળા સળગાવી દઈ નુકસાન પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા. ૦૩ એપ્રિલના રોજ દાહોદ તાલુકાના ધામરડા ગામે રાહ ડુંગરી ફળિયામાં રહેતાં બચુભાઈ લીંબાભાઈ હઠીલા તથા તેમની સાથે તેમના પરિવારજનો ખેતરમાં ટામેટા તોડવા માટે ગયાં હતાં. આ દરમ્યાન ગામમાં રહેતાં બાબુભાઈ મલાભાઈ, લાલાભાઈ બાબુભાઈ, વિકાસભાઈ બાબુભાઈ, અનિલભાઈ બાબુભાઈ, રાયમલભાઈ નાથુભાઈ, આકાશભાઈ રમસુભાઈ, પ્રતાપભાઈ મલાભાઈ, અજયભાઈ રાયમલભાઈ, કમાબેન રમસુભાઈ, દેમાબેન બાબુભાઈ અને ભાવનાબેન લાલુભાઈ તમામ જાતે ભાભોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે લોખંડની પાઈપ, લાકડી વિગેરે જેવા મારક હથિયારો ધારણ કરી બચુભાઈ તથા તેમના પરિવારજનો પાસે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને લોખંડની પાઈપ વડે, લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી બચુભાઈ, સુનીલભાઈ જવરસીંગ હઠીલા, મનેશભાઈ મકનભાઈ હઠીલા, શાંતાબેન લીંબાભાઈ હઠીલા અને લીંબાભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી બચુભાઈના ઘરના આંગણામાં મુકી રાખેલ મકાઈના પુળામાં આગ ચંપી કરી હજ્જારોનું નુકસાન પહોંચાડી ઘરમાં પણ ટોળુ ઘુસી જઈ સરસામાન પણ બાળી નાંખતાં આ સંબંધે ઈજાગ્રસ્ત બચુભાઈ લીંબાભાઈ હઠીલાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં આ સંબંધે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ સંસ્કાર ગૃપ દ્વારા રામ નવમીએ શોભાયાત્રા આયોજન



દાહોદ,

આ વખતે રામનવમી ન જોરશોરથી ઉજવશે ઠક્કર ફલીયાના રાજસ્થાન પંચાયત ભવનના સંસ્કાર સોશિયલ ગ્રુપ દ્વારા દાહોદ શહેરમાં સંસ્કારસોશિયલ ગ્રુપ દ્વારા રવિવારના રોજ પડાવ થી રામજીની પ્રતિમાનું અગવા કરવામાં આવ્યું હતું અને ઠક્કર ફલીયા સુધી ધામધૂમથી રામજી પ્રતિમાની લાવવામાં આવી હતી. સંસ્કાર સોશિયલ ગ્રુપ દ્વારા રામ નવમીના દિવસે સર્વ ધર્મ પ્રેમી જનતાને શોભાયાત્રામાં પધારવા આમંત્રણ કરવામાં આવે છે.

# ઝાલોદ નગર વીજ મીટર નાખવા દિવાલમાં કાંણુ પાડવાના મુદ્દે ઘરના માલિકને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં વીજ મીટર નાંખવા માટે દિવાલમાં કાળુ પાડતાં મહિલા સહિત ચાર જણા એકદમ ઉશ્કેરાઈ જઈ વીજ કર્મચારીઓને ભગાડી મુકી ઘરના માલિકને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા. ઝાલોદ નગરના લખારવાડી વિસ્તારમાં રહેતાં અબ્દુલવહાર અબ્દુલગફાર લીલગર દ્વારા પોતાના મકાનમાં વીજ મીટર કાઢવા માટે વીજ કર્મચારીઓને બોલાવ્યાં હતાં અને ત્યારે દિવાલમાં કાળુ પાડી વીજ મીટર ફીટ કરતાં વિસ્તારમાં રહેતાં અબ્દુલ રહીમ, જાકરીભાઈ, સલમાબેન અને ભુરીબેન ચારેય જાતે લીલગર દ્વારા વીજ કર્મચારીઓને બેફામ ગાળો બોલી સ્થળ પરથી ભગાડી મુક્યાં હતાં અને એકદમ ઉશ્કેરાઈ જઈ અબ્દુલ બહાર સાથે ઝઘડો તકરાર કરી અબ્દુલવહાબને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અબ્હુલવહાબની પત્નિ જેબુલબેન અબ્હુલવહાબ લીલગર દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ફાઉન્ડેશન કોર્ષ-એપેલોજી કોર્ષ શરૂ કરાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ઝાયડસ હોસ્પિટલ ખાતે ફાઉન્ડેશન કોર્ષ-એપેલોજી કોર્ષ શરૂં કરવામાં આવ્યો છે. કોર્ષ શરૂં કરવાના ઉદઘાટન કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. આ કોર્ષમાં પહેલા વર્ષના એમબીબીએસના વિદ્યાર્થીઓ માટે શરૂં કરવામાં આવ્યો હતો. પહેલા વર્ષના વિદ્યાર્થીઓ આ કોર્ષનો લાભ લઈ શકે છે. આ કોર્ષના ઉદઘાટનમાં અતિથિ વિશેષ ડો. પ્રતાપસિંહ ચૌહાણ (વાઈસ ચાન્સેલર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી), સી.ઈ.ઓ. પ્રો. ડો. સંજયકુમાર, ડીન સી. બી. ત્રિપાઠી, મેડીકલ સુપરિટેન્ડ ડો.ભરત હઠીલા, જનરલ મેનેજર પ્રકાશ પટેલ, સીનીયર મેનેજર હેતલ રાવ, એચ. આર. મેનેજર - કરણ શાહ અને તમામ વિભાગના તબીબો હાજર રહ્યાં હતાં.



દાહોદ શહેર મધ્યપ્રદેશ અને રાજસ્થાનની મધ્યમ આવેલું દાહોદ શહેર છે પણ ખરેખર દાહોદ શહેરનું નામ દોહદ હતું. દાહોદ શહેરની અંદર રાજસ્થાનના લોકો મોટા પ્રમાણમાં વસતા હોય છે. તેને લઈને સોમવાર રોજ બસ સ્ટેન વિસ્તારમાં રહેતા રાજસ્થાની મહિલાઓએ ગણગોરની પૂજા કરી હતી. રાજસ્થાનની અંદર ગણગોર મોટા પ્રમાણમાં પૂજા કરતા હોય છે એને લઈને દાહોદમાં પણ આજે ગણગોરની પૂજા કરવામાં આવી હતી.

# દે.બારીયાના એજયુકેટીવ મેજીસ્ટ્રેટ ગરીબ પરિવારોના વ્હારે આવ્યા પરિવારોમાં ખુશી

દે.બારીયા,

દે.બારીયા શહેરી વિસ્તારના ગરીબ પરિવારો છેલ્લા આઠમાં માસમાં એન.એફ.એ.એસ. રેશનકાર્ડ બનાવવા માટે ગરીબ લાભાર્થીઓ ફોર્મ ભર્યા હતા. હાલ તેને નવ માસનો સમય વિતવા આવ્યો હોય તો અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીએ દે.બારીયાના મામલતદાર જી.કે.શાહને ગરીબ પરિવારો વતી રજુઆત કરતા મામલતદાર બાબતે ઘટતું કરી આપવાનું આશ્વાસન આપ્યું છે. જેથી ગરીબ કુટુંબો માટે ખુશીના સમાચાર છે. હવે એ જોવાનું છે કે, નગર પાલિકાના શહેરી ભવન ખાતેથી આ રેશનની અરજી ફોર્મ કેટલા સમયમાં મોકલાવે છે. ત્યારબાદ આગળની કાર્યવાહી પૂર્ણ થવા પામશે. નવ માસ રાહ દેખી છે. ત્યારે બીજા થોડા દિવસમાં શું... ? ખાટું મોળું થઈ જવાનું છે. દેર... આયે મગર દુરસ્ત આયે, તે કહેવત આમાં સાર્થક થાય છે.

# રોઝો

કુઆર્ન શરીફમાં ઈર્શાદે ખુદાવંદી છે. આ અય્યોહલ્લરનઆ-મનુ કુતે-બ અલય કુમુસ્સિાયામો અર્થાત હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર રોઝા ફર્ઝ કર્યા. ઈસ્લામના પાંચ રૂકન માંથી એક રૂકન (સ્તંભ) રોઝો છે રોઝો ફર્ઝ છે શરઈ. કારણો સિવાય રોઝો છોડનાર ખુબ જ મોટો ગુનેગાર અને સખત સજાને પાત્ર છે. રોઝામાં દેખાવ પણ રિયાકારીની દખલ નથી. અન્ય ઈબાદતોમાં દા.ત. નમાઝ, ઝકાત વગેરેમાં રિયાકારીની દખલ હોય શકે છે અને શકય છે કે કોઈ માણસ અન્ય કોઈને દેખાડવા માટે નમાઝ પઢી શકે છે ઝકાત કોઈને દેખાડવા માટે અદા કરી શકે છે પણ રોઝો તો અલ્લાહને વાસ્તે જ રાખે છે. માત્ર અલ્લાહના ડરથી એવું કરે છે અને એને જ તકવો કહેવામાં આવ્યો છે. હદીષે કુદસીમાં વર્ણન છે. રોઝો ખાસ મારા માટે અને હજુ એનો બદલો આપીશ જાણવા મળ્યું કે, તકવો એ સર્વોત્તમ દરજ્જો છે. જેનાથી અલ્લાહનો ફઝલ હાંસીલ થાય છે.

( બ હવાલા તોહ-ફ-એ-રમઝાન શરીફ પાન.૧૩-૧૪)

તા.૦૫/૦૪/૨૨ મંગળવાર

૧૪૪૩ હિજરી ચાંદ-૩

વકતે શહેરી ૫-૦૨

વકતે ઈફતારી ૬-૫૭

નોંધ :- આ ટાઈમ પંચમહાલ અને દાહોદ જીલ્લા પુરતો છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

# જાહેર નોટીસ

અમારા અસીલ નામે AAYSHA SHOEB DOLA (રહે.મોહંમદી મહોલ્લા, ગોધરા, જિ.પંચમહાલ)નાઓ પોતે AAYSHA SHOEB DOLA નામ ધરાવે છે, પરંતુ તેઓ પોતે AYSHA NURULAMIN HUSAN KADAR નામથી પણ ઓળખાય છે. અને આ બંને નામો તેણીના પોતાના નામો છે. અમારા અસીલનું નામ AYSHA તેમજ AAYSHA એમ બે નામથી પણ ઓળખાય છે અને આ બંને રીતે તેણીનું નામ લખાય છે. તે અમારા અસીલે સોગંદ ઉપર જાહેર કરેલ છે.

સદરહું જાહેરાત અમારા અસીલને તેઓના પાસપોર્ટના રીન્યુઅલ માટે જરૂરી હોય, તે અંગે અમારા અસીલે સોગંદનામુ કરી સોગંદ ઉપર જાહેર પણ કરેલ છે. તે અમારા અસીલ આથી જાહેર કરે છે.

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી

તા.ગોધરા<br>જી.પંચમહાલ

(એમ.આઈ.મલા)<br>એડવોકેટ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.188

## ગોધરા પાલિકા દ્વારા પીવાના પાણી માટે

# લાખોના ખર્ચે બનાવેલ ત્રણ સંપ સત્તાધિશોની અણઆવડતે શોભાનો ગાંઠીયો





ગોધરા,

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ગોધરા નગરના લોકોને પીવાના પાણીની અગવડતા ન પડે તે માટે નગરપાલિકા હદ વિસ્તારમાં લાખોના ખર્ચે તૈયાર કરવામાં આવેલ ત્રણ જેટલા સંમ્પ હાલ ધૂળ ખાઈ રહ્યા છે. પાલિકાની અણઆવડતના કારણે છેવાડાના લોકો સુધી પીવાનું પાણી નથી પહોંચી રહ્યું.

ગોધરા નગરમાં વધી રહેલ વસ્તી સામે પીવાના પાણીની જરૂરિયાત પણ વધી રહી છે, જે જરૂરિયાતને પહોંચી વળવા ગોધરા નગરપાલિકા દ્વારા અમૃત યોજનાં હેઠળ રૂપિયા ૯૦ લાખનાં ખર્ચે નગરપાલિકા હદ વિસ્તારના અલગ-અલગ વોર્ડમાં ૩ જેટલા નવીન સંપ તૈયાર કરવામાં આવ્યા છે, પરંતુ નગર પાલિકાની અણઆવડતના કારણે હાલ આ ત્રણે સંપ ધૂળ ખાઈ રહ્યા છે. નગરના લોકોને ઉનાળાની ઋતું દરમીચાન પીવા માટેના પાણીની અગવડતા ન પડે અને પુરતા પ્રમાણમાં પાણી મળી રહે તે આશયથી આ સંપ તૈયાર કરવામાં આવ્યા હતા. સને વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન અમૃત યોજના હેઠળ ૧૫ લાખ લિટર પાણીના સંગ્રહ માટેનાં સંપ તૈયાર કરવામાં આવ્યા હતા. તો બીજીતરફ શોભાના ગાંઠિયા સમાન બનેલા સંપ વહેલી તકે કાર્યરત કરવામાં આવે તેવી માંગ સ્થાનીક પાલિકા સભ્યો દ્વારા પાલિકા પ્રમૂખ સમક્ષ્ટ કરવામાં આવી છે. જેથી કરી ગોધરાપાલિકાના વોર્ડ નં ૩ માં સમાવિષ્ઠ બાવચાવાડ, વોર્ડ નંબર ૧૦માં સમાવિષ્ઠ ગોન્દ્ર વિસ્તાર તેમજ વોર્ડ નબર ૮માં સમાવિષ્ઠ સાતપૂલ વિસ્તારના છેવાડાના રહીશો સુધી પીવા માટેનું પાણી મળી રહે.

આ તરફ કોરોનાને કારણે સંપના આખરી ઓપની કામગીરી અટવાય પડી છે અને ટૂંક સમયમાં સંપની કામગીરી પૂર્ણ કરી સંપ કાર્યરત કરવામા આવશે તેવી ખાતરી પાલિકા પ્રમુખ દ્વારા આપવામા આવી હતી. હાલ કાર્યરત ૭ લાખ લીટર ક્ષમતાના સંપ કાર્યરત છે. જેમાંથી પાણી લીફ્ટિંગ કરી મુખ્ય ટાંકી મારફતે વોર્ડ નં ૧૦, વોર્ડ ૩ અને વોર્ડ ૮ના રહીશોને પીવાનુ પાણી પહોચાડવામાં આવી રહ્યું છે, પરંતુ આ વિસ્તારના છેવાડાના લોકો હજુ પણ પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. જે સ્થિતિને પહોંચી વળવા માટે ૧૫ લાખ લિટર ક્ષમતાના ત્રણ નવિન સંપ તૈયાર કરવામા આવ્યા હતા.

### ૨૦૧૭થી ૨૦૧૯માં અમૃત યોજના અંતર્ગત પાણીના સંગ્રહ માટે સંપ બન્યા હતા

૧૫ દિમાં કામગીરી પૂર્ણ કરી લઈશું કોરોનાના સમયના લીધે શહેરના વોર્ડ ૧૦, પાલિકાની બાજુ તથા આરટીએ ની સામે મળીને શહેરના કુલ ૩ સંપની કામગીરી થોડી બાકી રહી ગઈ છે. જે કામગીરી એપ્રિલ માસના ૧૫ દિવસમાં પુરી કરીને પાણીના જોડાણ આપીને પાણી મળતું થઈ જશે. વોર્ડ ૧૦ નાસભ્યોએ રજુઆત કરી છે. અમૃતયોજનામાં બનેલા સંપની કામગીરી પુર્ણ કરીને નગરજનોને પાણી મળતું થઈ જશે.

**સંજય સોની, પાલીકા પ્રમુખ**

ગોન્દ્રા વિસ્તારમાં પાણી પહોંચતું નથી વોર્ડ ૧૦ના ચારેય પાલીકાના સભ્યો ગોન્દ્રા વિસ્તારના છેવાડા સુધી પાણી પહોચતું કરવા નવીન સંપ ચાલુ કરવાની રજુઆત કરી હતી. રજુઆત કરતાં પાલીકા પ્રમુખે વોર્ડ ૧૦ માં સંપની કામગીરી ૧૫ દિવસમાં પુર્ણ કરીને બધાને પાણી મળશે તેવી બાંહેધરી અમને પ્રમુખે આપી છે.

**પપ્પુભાઈ, સભ્ય**

## દાહોદની ૭૩ એ.એ.વાળી જમીનમાં રાવત કુટુંબને બિનખેડુત માંથી ખેડુત બનાવતા કિસ્સાને દાહોદ જીલ્લા રેવન્યુ અને લીમખેડા પ્રાંત એ તપાસ અભરાયે ચડાવી

ગોધરા,

ગોધરા કસ્બાની જમીનો ખરીદનાર કુતુબુદ્દીન નુરૂદ્દીન રાવત તથા બુહરાનદ્દીન નુરૂદ્દીન રાવત વિગેરે કુટુંબના બિનખેડુતો હોય તેમ છતાં દાહોદ કલેકટર દ્વારા નોંધ નં.૧૩૦૭૬ મુળ-૭૩ એ.એ.વાળી જમીનો બાબતે ગોધરા પ્રાંત અધિકારી એન.વી.રાજપુતને જીલ્લા કલેકટરના આદેશો અનુસાર ૧ થી ૫૪ કાગળો સાથે નં.જમન/૨/વશી/૧૪૨/૨૦૨૨ તા.૯/૨/૨૦૨૨ બાબતે અધુરી કાર્યવાહી કર્યા વગર તેમજ નં.જમન/૨/વશી/૧૭૨૮/૨૦૨૧ તા.૩૧/૧/૨૦૨૨ બાબતે બિનખેડુતોની ચકાસણી કર્યા વગર નોંધ નં.૩૧૧૮૧, ૩૧૧૮૨ રાવત કુટુંબના વિગેરે ઈસમો હાજ ના હોવા છતાં જમીન ખેતીના કાયદા રેવન્યુ રેકર્ડ રૂલરા વિરૂદ્ધ તકરારી કેસો અસામાજીક તત્વો દ્વારા મંજુર કરાવેલ છે અને જો આ દાહોદના રાવત કુટુંબની દાહોદ જીલ્લા શહેર-ગ્રામ્ય વિભાગો તથા પંચમહાલ જીલ્લા ગોધરા શહેર તથા ગ્રામ્ય વિભાગોમાં તપાસ સબરજીસ્ટ્રર દ્વારા સર્ચ કરી કરાવવામાં આવે તો ખુબ જ મોટા પ્રમાણમાં બોગસ ખેડુતોની જમીનો સરકાર થાય તેમ છે. પરંતુ રેકર્ડ ઓફ રાઈટ કાયદા વિરૂદ્ધના ખેડુત દાખલાના આધારે દાહોદના રાવત કુટુંબ પાસેથી ખુબ મોટા પ્રમાણમાં રેકર્ડ રૂલરા મુજબ ચકાસણી કર્યા વગર લાંચ લઈ દાહોદ જીલ્લાના લીમખેડા પ્રાંત તથા ગોધરા પ્રાંત અધિકારીઓ દ્વારા સરકારના દૈનિક પગાર, ભથ્થા ફોન સુવિધાઓ વિગેરેના લાભ લેવા છતાં ખુબ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ આચરેલ છે. જે સરકારને નુકશાન કરી કરાવનાર સામે રાજયના મહેસુલ અને કાયદા મંત્રી દ્વારા આવા રેવન્યુ વિભાગના કર્મચારીઓ, અધિકારીઓ અંગે જીલ્લા કલેકટર દાહોદ અને જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા અનેક કોન્ફરન્સ કરી તથા ગુજરાત રાજ્ય તકેદારી આયોગ ભલામણ બોગસ ખેડુતો બદલ કરી અને કરાવે તો પંચમહાલ જીલ્લા શહેર અને ગ્રામ્ય વિભાગો તથા દાહોદ જીલ્લા શહેર તથા ગ્રામ્ય વિભાગોમાં ખેડુતોની તપાસ થાય તો બોગસ ખેડુતો બન્ને જીલ્લા માંથી બહાર આવે તેમ છે. તેમજ આદિવાસી ગરીબ ખેડુતોની મિલ્કતો ૭૩ એ.એ.વાળી જમીનો આ કૌભાંડો અનેક બહાર આવે તેમ છે.

ગુજરાત સરકાર મહેસુલી તપાસણી કમિશ્નર જો પંચમહાલ જીલ્લાની ૭૩ એ.એ.વાળી મિલ્કતો તથા દાહોદ જીલ્લાની ૭૩ એ.એ.વાળી મિલ્કતો બાબતે તપાસ થાય તો કરોડો રૂપીયાના કૌભાંડો તથા મોટા પ્રમાણમાં બિનખેડુતો બોગસ બનેલ બનાવેલ બહાર આવે તેમ છે. પંચમહાલ જીલ્લા શહેર તથા ગ્રામ્ય વિભાગોમાં ભળતા નામથી સર્કલ ઓફિસરો સરકારી જમીનોમાં તથા બિન મુસ્લીમ કોમના ભળતા નામો કેટલા બિનખેડુતોને મોટા પ્રમાણમાં લાંચ લઈ નોંધો સરકાર વિગેરેના રેકર્ડ વિરૂદ્ધ મંજુર કર્યાના કેટલાક કિસ્સા જોવા મળે છે.

રાજ્યના મહેસુલી મંત્રી આ બાબતોને ગંભીરતા લઈ અને લેવડાવશેનો ભ્રષ્ટાચારો દુર થશે અને સરકારને કરોડોનો લાભ થાય તેમ છે. નોંધો ઓનલાઈન મુકવાની હોવા છતાં મુકવામાં આવેલ નથી અને નોંધો ગરીબ આદિવાસીઓ વિગેરેની વંચાણે લેવાતી નથી. જે નોંધો વંચાણે લેવાય તેવી નથી. જેમાં પંચમહાલ જીલ્લા કલેકટરને કરવામાં જોગવાઈ કરવામાં આવે તે જરૂરી છે.

## પંચમહાલ જીલ્લામાં સરકારી વિભાગના ૫૬ તબિબો પડતર માંગણી ન સંતોષાતા હડતાળ પર ઉતર્યા




ગોધરા,

ગોધરા શહેર સહીત પંચમહાલ જીલ્લામાં સરકારી હોસ્પિટલ ના ગવર્મેન્ટ ડોકટર્સ ફોરમ સાથે સંકળાયેલા ૫૬ તબીબોએ સોમવારે પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા હતા. સોમવારે તમામ સરકારી તબીબો જિલ્લા કલેકટર કચેરી સુધી રેલી સ્વરૂપે આવીને કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં પડતર માંગણીઓની ત્રણ થી ચાર વાર સરકાર દ્વારા બાંહેધરી આપવામાં આવી છતાં તેમની પડતર માંગણીઓનો કોઈ નિકાલ થતો નથી. પડતર માંગણીઓમાં સાતમા પગાર પંચ મુજબ નોન પ્રેક્ટિસિંગ એલાઉન્સ, વિભાગીય ભરતીઓ નિયમિત કરવામાં આવે. જીએમઈઆરએસમાં કામ કરતા ડોકટરોને સરકારી ડોક્ટરોને મળતા હોય તેવા લાભ આપવામાં આવે જેવી કુલ ૧૮ માંગણી મુકવામા આવી છે. સરકારમાં અનેક વખત રજૂઆતો કરવામાં છતાં કોઈ નિરાકરણ ન આવતા સોમવારે પંચમહાલ તથા સિવિલ હોસ્પીટલના ૫૬ તબીબો પણ હડતાળ પર ઉતર્યા હતા હડતાળના પંગલે ગોધરા સિવિલ હોસ્પીટલમાં સવારે સારવાર કરવા આવેલા દર્દીઓ અટવાયા હતા. સિવિલમાં ઈમરજન્સી કામગીરી સિવાયની તમામ કામગીરીથી તબીબો અળગા રહ્યા હતા. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પીએચસી અને સીએચસી સેન્ટર પર ઓપીડી બધ રહેતા ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

- PHC-CHCમાં તબીબો વગર સૂના પડયા.
- સિવિલમાં ઈમરજન્સી સારવાર સિવાયની તમામ કામગીરી બંધ રહી.

## પંચમહાલ જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલને જિલ્લા પોલીસ દ્વારા અનોખી રીતે વિદાય અપાઈ



ગોધરા,

તાજેતરમાં જ રાજયમાં ફરજ બજાવતા વિવિધ આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. જેમાં પંચમહાલ જિલ્લા પોલીસ વડા ડો લીના પાટીલનો પણ સમાવેશ થાય છે. જિલ્લા પોલીસ વડા ડો લીના પાટીલની ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે બદલી કરવામાં આવી છે. ત્યારે જિલ્લા પોલીસ મુખ્યમથક ખાતે જિલ્લા પોલીસ વડાનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદાય સમારંભ બાદ જિલ્લા પોલીસ વડાને પંચમહાલ જિલ્લા પોલીસ પરિવાર દ્વારા અનોખો રીતે વિદાય આપવામાં આવી હતી. જેમાં વિવિધ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા જિલ્લા પોલીસ વડાની ગાડીને દોરડા વડે દોરવામાં આવી હતી. પોલીસ મુખ્યમથકના ગેટ સુધી જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલની ગાડીને ખેંચીને અનોખો રીતે વિદાય આપવામાં આવી હતી.

## ગોધરા સરકીટ હાઉસ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય લોકજનશક્તિપાર્ટીની બેઠકમા હોદ્દેદારોને નિમણુંક પત્રો આપવામાં આવ્યા



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા સરકીટ હાઉસ ખાતે રાષ્ટ્રીય લોકજનશકિતપાર્ટીની જીલ્લા સંગઠનની એક બેઠકનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં વિવિધ હોદ્દેદારોની નિમણુક કરવામાં આવી હતી. જીલ્લામાં પાર્ટીનુ સંગઠન મજબુત બનાવા કામે લાગી જવાની હાકલ કરવામા આવી હતી. પંચમહાલ જીલ્લામાં આવનારી ૨૦૨૨ની વિધાનસભાનીચુટણીને લઈને પાર્ટીનો વ્યાપ વધે તે હેતુથી ગોધરા સરકીટ હાઉસ ખાતે રાષ્ટ્રીય લોકજનશક્તિપાર્ટીના સંગઠનની એક બેઠક મળી હતી. પાર્ટીના પંચમહાલ જીલ્લા અદયક્ષ સુરેશભાઈ પરમારના અદયક્ષ પણા હેઠળ યોજાયેલી આ બેઠકમાં હાજર સંગઠનના હોદ્દેદારોનુ ફુલહારથી સ્વાગત કરવામા આવ્યુ હતું. આ સમગ્ર બેઠકનુ સંચાલન અધ્યક્ષ સુરેશભાઈ પરમાર દ્વારા કરવામા આવ્યુ હતું. બેઠકમાં જીલ્લા અને તાલુકા સંગઠનના હોદ્દેદારોની નિમણુંક કરવામા આવી હતી. જેમા જીલ્લા મહામંત્રીખલીલભાઈ કાપડીયા, સંગઠનમંત્રી ઈમરાનભાઈ હાજી, જીલ્લા મંત્રી દલપતસિંહ પટેલ, જીલ્લા સહમંત્રી વિનોદભાઈ વણઝારા, જીલ્લા ઉપપ્રમુખ બાલમુકુંદ મિશ્રા, ગોધરા શહેર પ્રમુખ રાજેશભાઈ શાહ, જીલ્લા મહિલા પ્રમુખ રાધાબેન જૈન, જીલ્લા મહિલા મહામંત્રી પુજાબેન મિશ્રા, ગોધરા શહેર મહિલા મંત્રી ઉર્વશીબેન સોની સહીતના હોદ્દેદારોને જીલ્લા અદયક્ષ દ્વારા નિમણુંક પત્ર આપવામાં આવ્યા હતા. તમામ હોદ્દેદારોને અભિનંદન પાઠવામાં આવ્યા હતા. બેઠકની આભારવિધી જીલ્લામંત્રી દલપતભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.


## યાત્રાધામ પાવાગઢના સ્થાનિક વેપારી અને ગ્રામજનો દ્વારા માતાજીના મંદિરે બાવન ગજની ધજા ચડાવી



પાવાગઢ,

ચૈત્રી નવરાત્રીનો આરંભ થયો છે. જેમાં ગુજરાત સહિત અન્ય રાજ્યોમાથી મોટી સંખ્યામાં માઇભકતો માતાજીના દર્શને આવી રહ્યા છે. જયારે યાત્રાધામ પાવાગઢ ખાતે સ્થાનિક વેપારીઓ અને ગ્રામજનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાકાળી માતાજીના મંદિરે બાવન ગજની ધજા ચડાવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો અને વેપારીઓ, વડીલો માઇભકતો જોડાયા હતા. આ પ્રસંગે પાવાગઢ ડુંગર પર આવેલ તારાપૂર દરવાજાથી ધજાનું વિધિવિધાન દ્વારા પૂજા અર્ચના કર્યા બાદ ધજાને મહાકાળી માતાજીના જયકારાની સાથે માતાજીના મંદિરે લઈ જવામાં આવી હતી. જયારે બાવા બજારમાં પહેલા પગથીએ ગ્રામજનો દ્વારા ધજાની આરતી કરી હતી. મોટી સંખ્યામાં ભક્તોની હાજરી સાથે અબીલ ગુલાલ ઉડાડી ધજાને માતાજીના મંદિરમાં લઈ જવામાં આવી હતી. જોકે, ઢોલ નગારાની રમઝટમાં ડુંગર ઝુમી ઉઠ્યું હતું અને પાવાગઢ ડુંગર ભક્તિમય બન્યું હતું.

## પરોલી ગામે વનવિભાગ દ્વારા બનાવેલું બિન ઉપયોગી મકાન ગ્રામ પંચાયત હસ્તક લઈ તોડી પાડવામાં આવ્યું



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના પરોલી ગામ પંચાયત નજીક રાજગઢ વનવિભાગે કચેરીનું ગેરકાયદેસર બાંધકામ કરી પોતાના હસ્તક લીધું હતું પરંતુ વર્ષોથી તેનો કોઈ ઉપયોગ ન કરાતો હોવાથી ખંડેર બનીગ્યું હતું. જેથી પરોલી ગ્રામ પંચાયત દ્વારા કલેક્ટર વન વિભાગ પાસેથી પરવાનગી મેળવી જે તે જમીનને ગ્રામ પંચાયત હસ્તક લઈ વન વિભાગની જૂની ઈમારત-તોડી નાખવામાં આવી હતી. આ જગ્યા ઉપર પંચાયત દ્વારા ગામજનોને લોક ઉપયોગી થાય તેવા ઉપયોગમાં લેવામાં આવશે.

## ઘોઘંબા કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસમાં એક વર્ષની સજા ફટકારાઈ

ઘોઘંબા,

કુંભાર પાલ્લીના રમેશ મકવાણાએ કુટુંબમાં પરણાવેલી મામાની દિકરીના સંબંધના હિસાબે વડોદરા ખાતે રહેતા અંબાલાલ રોહિતને ૧,૨૦,૦૦૦ તેમને બેંકમાં લોન ભરવાની ઉછીણા પેંટે આપ્યા હતા. પરંતુ આપેલો ચેક એક લાખ વીસ હજારના વડોદરા શાખાનો ઘોઘંબાની બેંકમાં રજુ કરતા બેલેન્સ ન હોવાની રિટર્ન કર્યો હતો. રિટર્ન થયેલા ચેકની વિગત અંબાલાલને જણાવતા તેઓએ ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. રમેશ મકવાણાએ માંગણી કરવા છતાં ઉછીણા આપેલા પૈસા ન આપતા કાર્યવાહી કરવા ઘોઘંબા કોર્ટમાં ફરિયાદ કરી હતી. કોર્ટે મેજીસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલતા સરકારી દલીલો અને આધાર પુરાવાને ગ્રાહ્ય રાખીને આરોપી અંબાલાલ વાલાભાઈ રોહિતને અંક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમના સવાગણી રકમ એટલે કે ૧.૫૦ લાખ ૬૦ દિવસની મુદ્દતમાં ચુકવી આપવાનો કોર્ટે હુકમ કર્યો હતો.